GJBK020057702017

કેસ રજુ તા. : ૨૦/૧૨/૨૦૧૭
કેસ દાખલ તા. : ૨૦/૧૨/૨૦૧૭
કેસ ફૈંસલ તા. : ૦૧/૦૪/૨૦૨૩
અવધિ :- વર્ષ. માસ. દિવસ

---

**પાલનપુરના મહે. બીજા એડી.જયુડિ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મું. પાલનપુર.**

---

**ક્રિમી.પર.અ.નં.- ૫૪૦/૨૦૧૭**
**આંક-**

**અરજદાર** :- ભાવનાબેન તે ગણેશભાઈ કાળુભાઈ પ્રજાપતિની દિકરી અને
ભરતભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિની પત્ની,
ઉ.વ. ૩૦, ધંધો- ઘરકામ,
રહે. ગોકુલધામ સોસાયટી, કમલેશ પટેલના મકાનમાં,
ડીસા-પાલનપુર હાઈવે, પાલનપુર, તા. પાલનપુર,
જી.બનાસકાંઠા.

**વિરૂધ્ધ**

**સામાવાળા** :-
(૧) ભરતભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ
ઉ.વ. ૩૨ આ, ધંધો- નોકરી (સી.આર.સી. કંબોઈ)
(૨) વશરામભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ,
ઉ.વ.૪૨, ધંધો- ખેતી તથા વેપાર,
(૩) જયોત્સનાબેન વશરામભાઈ પ્રજાપતિ,
ઉ.વ.૪૦ આ. ધંધો- ઘરકામ,
(૪) સંતોકબેન ઈશ્વરભાઈ પ્રજાપતિ,
ઉ.વ. ૬૫,ધંધો- ઘરકામ,
તમામ હાલ રહે. ૭૪, વિઠ્ઠલવિલા સોસાયટી, હરીહર
મહાદેવ રોડ, માતરવાડી, મુ.તા. પાટણ, જી.પાટણ.
મુળ રહે. વજેગઢ, તા.લાખણી, જી.બનાસકાંઠા.

**અરજ :-** **ડોમેસ્ટ્રીકટ વાયોલન્સ એકટની કલમ-૧૨ મુજબ ભરણપોષણ તથા રહેઠાણ વિ.વ્યવસ્થા કરવા બબત.**

---------------------------

અરજદાર પક્ષે :- વિ.એ.પી.પી.શ્રી કે.એન. પરમાર
સામાવાળા પક્ષે :- વિ.વ.શ્રી એન. આર. ગોયલ.

---------------------------

**-: ((ચુકાદો)) :-**

**આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે -**

(૧) આ કામના અરજદાર દેવીકાબેન કિર્તીભારથી ઘરેલું હિંસા (ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ-૨૦૦૫) ના કાયદાની ક.૧૨ અન્વયે અરજીમાં જણાવેલ વિગતો એ હાલની આ અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કમના અરજદારના લગ્ન પંદર વર્ષ અગાઉ સામાવાળા નં. ૧ સાથે તેમના સમાજના રીત રીવાજ મુજબ પેપળુ મુકામે અરજદારના પિતાના ઘરે થયેલા. આ લગ્નથી તેઓ કાયદસરના પતિ- પત્નિ બનેલા. લગ્ન જીવનથી તેમને બે દિકરીનો જન્મ થયેલો.જીનલ ઉ.વ. ૧૩ છે જે ધોરણ ૮ માં અભ્યાસ કરેલ છે. દિકરી રીતુ ઉ.વ. ૮ જે ધોરણ -૪ માં અભ્યાસ કરે છે. સામાવાળા નં. ૨, ૩ અને ૪ ના તેમના જેઠ, જેઠાણી અને સાસુ થાય છે. અરજદારને લગ્ન વખતે તેમના માતા પિતા એ અરજદારને સોના- ચાંદીના દાગીના, કપડા લત્તા, તીજોરી, પલંગ, ઘરવખરી નો તમામ સરસામાન વિગેરે આપેલા હતા. આ તમામ સરસામાન હાલ ન સામાવાળાના ઘરે પાટણ મુકામે પડેલ છે. અરજદાર લગ્ન બાદ તેમના સાસરે ગયેલા. અરજદારને શરુઆતમાં સારી રીતે રાખતા હતા. સામાવાળા મહેસાણા મુકામે શિક્ષકની નોકરી કરતાં હતા. અરજદારને બીજી દિકરીનો જન્મ આપ્યા બાદ સામાવાળા અરજદારને હેરાન પરેશાન કરતા હતા. તેઓને દિકરો જોઈતો હતો. તેથી અરજદારને નાની બાબતોમાં મહેણા ટોણા મારતા હતા અને મારઝુડ કરતાં હતા. અને કહતાં કહતા કે તારા બાપાએ કરીયાવરમાં કંઈ આપેલ નથી. તારે અહી રહેવું હોય તો તારા બાપાના ત્યાંથી રૂા. ૨,૦૦,૦૦૦/- લેતી આવ નહીતર રસ્તો પકડ. આમ, તું મને ગમતી નથી. મારે તો દિકરો જોઈતો હતો તે તો દિકરીને જન્મ આપ્યો છે. તારા પેટે દિકરો પેદા થવાનો નથી. તેવા મહેણા ટોણા મારતા અને અરજદારને હેરાન પરેશાન

કરતાં હતા. આ કામના સામાવાળા નં. ૨, ૩ અને ૪ નાઓ પણ સામાવાળા નં. ૧ ને ચઢવણી કરતાં હતા. સામાવાળાઓ અરજદારને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. અરજદારનો ઘરસંસાર બગડે નહી અને સામાવાળા નં. ૧ સુધરી જશે તેટલા એકમાત્ર આશયથી અરજદાર સામાવાળાઓનો ત્રાસ સહન કરે જતા હતા. આઠ માસ અગાઉ સામાવાળાઓ અરજદારને કાઢી મુકેલ. ત્યારબાદ સમાજ ના માણસો બોલાવી સમાધાન કરી અરજદારને તેડી લાવેલા. ત્યારબાદ દિવાળી આવતાં સામાવાળા નં. ૧ અરજદારને તેમના પિયર પેપળુ મુકામે મુકી આવેલા. ત્યારબાદ અરજદારને બે ત્રણ દિવસ બાદ ફોન કરતાં અરજદાર નં. ૧ નાઓ એ બરાબર જવાબ આપેલ નહી. અને ફોન ઉપર કહેલું કે તું મને ગમતી નથી મારે બીજી પત્ની લાવવી છે. ત્યારબાદ સામાવાળા તેમના કાકાના દિકરા વનાભાઈને કહેલ કે, મને અને ભાવનાને ગમે તે રીને છુટા કરો. ત્યારબાદ અરજદારની કે અરજદારની બે દિકરીઓની સામાવાળા નં. ૧ નાએ કોઈ સાર સંભાળ લીધેલ નથી. અરજદાર તેમના ભાઈના ત્યાં ઓશીયાળુ જીવન જીવી રહયા છે.સામાવાળા પૈસા ટકા સુખી સંપન્ન છે. તેમને પાટણ મુકામે પાકુ મકાન આવેલ છે. તેમજ વજેગઢ મુકામે ૧૪ વિઘા જેટલી પિયતવાળી જમીન આવેલ છે તેમજ પશુપાલન ધરાવે છે. અને સામાવાળા નં. ૧ સી.આર.સી. કંબોઈ તા. કાંકરેજ મુકામે નોકરી કરી માસિક રૂા. ૩૧,૦૦૦/– નો પગાર મેળવે છે અને ખેતી તથા નોકરીમાંથી માસીક રૂા. ૭૦,૦૦૦/– જેટલી કમાણી કરે છે. અરજદારને હાલ રહેવા માટે ખુબજ અગડતા પડે છે. આ કામના સામાવાળા નં. ૧ ને અરજદાર તથા તેમની પુત્રીઓ સિવાય કોઈના ભરણપોષણની જવાબદારી નથી. અરજદાર તથા તેમની દિકરી તેમના ભાઈના ત્યાં ઓશીયાળુ જીવન વિતાવી રહયા છે. અરજદારને માસિક રૂા. ૧૫૦૦૦/– તથા અરજદારની દિકરી નં. ૧ ધોરણ–૮ માં અભ્યાસ કરે છે તેના ભરણપોષણ, કપડા લત્તા ,દવા ઓ વિગરે માટે માસીક રૂા. ૭,૦૦૦/– ની તથા અરજદાર નં. પુત્રી નં. ૨ જે ધોરણ –૪ માં અભ્યાસ કરે છે તેના અભ્યાસ, ભરણપોષણ તથા કપડાલત્તા દવાઓ વિગેરે ખર્ચ માટે માસીક રૂા. ૫૦૦૦/– તેમજ ઘરભાડાના રૂા. ૫,૦૦૦/– તથા તેમજ કપડાલત્તાના રૂા. ૫૦૦૦/– આમ, કુલ રૂા. ૩૭,૦૦૦/– ની જરૂરીયાત ઉભી થાય છે. સદરહું રકમ આ કામના સામાવાળા નં. ૧ ચુકવી આપવા સક્ષમ છે. સામાવાળા નં. ૧ તેમના કાયદેસરના

પતિ હોય તે ચુકવવા બંધાયેલા છે. આમ, સામાવાળાઓએ અરજદારને ચેનકેન પ્રકારે શારિરીક – માનસીક ત્રાસ આપી ઘરેલુ હીંસા આચરેલ છે, જેથી અરજદારે અરજીમાં માંગ્યા મુજબ દાદ અપાવવા વિનંતી કરેલ છે. અને વધુમાં ડોમેસ્ટિક વાયોલેન્સ એક્ટની કલમ–૧૭ મુજબ સામાંવાળાની મિલકતમાંથી હિસ્સો અને કલમ–૧૮ મુજબ સામાવાળાઓ અરજદારને સારી રીતે રાખે છે મારઝૂડ કે ધાક ધમકી આપે–અપાવે નહિ અને કલમ–૧૯ મુજબ અરજદાર માટે રહેણાંકની વ્યવસ્થા કરવા અને કલમ–૨૨ મુજબ સામાવાળાઓ સામે માનસિક, શારીરિક ત્રાસ ગુજારે નહિ તેવો હુકમ અને કલમ–૨૩ મુજબ સામાવાળાઓએ અરજદારનું સ્ત્રીધન પરત આપવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૩) આ કામે અરજદારની અરજીની સામાવાળાઓને નોટીસ બજતાં સામાવાળાઓ તેઓનાં વિ.વ.શ્રી મારફતે આ કામે હાજર થયેલ છે અને આંક–૧૦ થી પોતાનો લેખીત વાંધા જવાબ રજુ કરી તેઓના અરજદાર સાથેના લગ્નોત્તર/સામાજીક સંબંધ અંગે કોઈ તકરાર ન હોવાનુ જણાવી મુખ્યત્વે અરજદારની અરજીની અન્ય હકીકતોને નકારી સત્ય હકીકતે જણાવેલ છે કે– અરજદાર મોજે ગામ પેપળુ, તા. લાખણી, જી.બનાસકાંઠા મુકામે તેઓના પિતાના ઘરે રહે છે અને તેઓએ નામદાર કોર્ટમાં અરજી કરવા માટે પાલનપુરનું ખોટુ સરનામું બતાવેલ છે અને સરનામા બાબતે કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી ખોટુ સરનામું બતાવી નામદાર કોર્ટમાં અરજી લાવેલ હોઈ રદ થવાને પાત્ર છે. સામાવાળા મુ.કંબોઈ, તા. કાંકરેજ, જી.બનાસકાંઠા મુકામે નોકરી કરે છે. સામાવાળાના લગ્ન અરજદાર સાથે તા. ૨૨/૫/૨૦૦૩ ના રોજ પેપળુ મુકામે સમાજના રીત– રીવાજ મુજબ તથા હિન્દુ શાસ્ત્રોકત વિધિ અનુસાર થયેલા. લગ્ન જીવનથી તેમને બે દિકરીઓ નામે જીનલ અને રીતુનો જન્મ થયેલો. જીનલની ઉંમર ૧૪ વર્ષ છે અને રુતુંની ઉંમર ૧૦ વર્ષ છે. અરજદાર સામાવાળાને વશમાં કરવા માટે તંત્ર મંત્ર ની વિધી કરાવેલ તેવી હકીકત તેમને અન્ય વ્યકિત ધ્વારા જાણવા મળેલ છે તે હકીકત તેમણે મોબાઈલ રેકોડીંગ કરી કરેલ છે. આ બાબતે તેમના સાળાને બોલાવી તેમની પત્નીની પુછપરછ કરેલી ત્યારે તેમની પત્નીને કબુલ કરેલ છે. મે આવું કરેલું છે. ત્યારબાદ આવું નહિ કરે તેવી ખાત્રી આપેલ છે. તેમની પત્ની ઘરમાં આત્યાહત્યા કરવાની ધમકી આપતાં હતા. અમારા સમગ્ર કુટુંબને ખોટા કેસમાં ફસાવી દેવાની

ધમકીઓ આપતા હતા. તેઓ ખુબજ ડરી ગયેલા હોય આ બાબતે તેમના સાળાને ફોન કરી જાણ કરેલ. તેમનો સાળો તેની બહેનનું ઉપરાણું લઈ સામાવાળા નં. ૧ સાથે ઝઘડો કરેલો અને ગંદી ગાળો બોલેલી . અને અણછાજતું વર્તન કરેલું. અરજદાર સામાવાળા ઉપર વહેમ રાખતા હતા. અરજદાર સામાવાળાને એવી ધમકી આપેલી કે બાળકો મારી સાથે નહી મોકલો તો હું આત્મહત્યા કરીશ. તેથી સામાવાળા નં. ૧ ના ખુબજ ગભરાઈ ગયેલા અરજદાર જેમ કહે તેમ કરવા તૈયાર થયેલા. સામાવાળા નં. ૧ તેમના બાળકોને સારી રીતે રાખતા હોય તેમજ તેમના ભણવાનો ખર્ચ ઉઠાવતા હોય છતાં અરજદાર તેમની દિકરીનો હું આત્મહત્યા કરી દઈશ તેવી ધમકી આપી લઈ ગયેલા. સામાવાળાના બાળકોનું ભણતર બગડી રહયું છે. સામાવાળાએ અરજદારનો કયારે પણ ત્યાગ કરેલ નથી. અરજદાર પાસે કોઈ દહેજની માંગણી કરેલ નથી. સામાવાળા નં. ૧ ના એ તેમની દિકરીનો વીમા ઉતરાવેલ છે તેનો વિમાનું પિમિયર પણ ભરે છે. અરજદાર જે મકાનમાં રહેવાની માંગણી કરે છે તે મકાન સામાવાળાએ રૂા. ૨૨,૦૦,૦૦૦/– લોન લઈ લીધેલ છે. તેનો હપ્તા રૂા. ૧૮,૯૫૪ એચ.ડી.એફ.સી. બેન્કમાં નિયમિત ભરે છે. તેની પાવતી પણ તેઓએ રજુ કરેલ છે. સામાવાળા નં. ૧ નો પગાર રૂા. ૨૯,૨૮૮/– તેમના ખાતામાં જમા થાય છે. લોનનો રૂા. ૧૮,૯૫૪ તથા રૂા. ૧૦૦૦/– તેમની દિકરીના રીતુના બચતખાતામાં તા. ૫૫૦ તેમની દિકરી જીનલના એલ.આઈ.સી. ખાતે અલગ કાઢવા પડે છે. તેમના બાળકો તથા મકાન પાછળ ખર્ચ કાઢતાં રૂા. ૮,૭૮૪/– બને છે. જેમાંથી તેઓ ઘરેથી કંબોઈ મુકામે અપડાઉન કરે છે. જેમાં દરરોજ રૂા. ૬૦/– નું ભાડુ થાય છે. જે રૂા. ૧૫૦૦/– ભાડામાં જાય છે. તેમના પિતા હયાત નથી. તેમની માતા બીમાર રહે છે. તેમની સારવાર પાછળ રૂા. ૧૦૦૦/– થી ૧૫૦૦/– નો ખર્ચ થાય છે. તેમજ તેમનું અલગ રસોડું ચાલતું હોય તેમની માતાને અલગ જમવાનો અને બીજા બધા ખર્ચઓ રૂા. ૩,૦૦૦/– જેટલો ખર્ચ થાય છે. સામાજિક પ્રસંગોને પાંચ બહેનો ની સામાજિક જવાબદારી પણ તેમને અદા કરવાની હોય છે. તેમના પગારમાંથી મહીનાને અંતે રૂા. ૨૦૦૦/– થી વધુ બચત થતી નથી. સામાવાળા શિવણકામ, ભરતગુંથણ, તથા ફોલ બિડિંગ એબ્રોઈડરી, મેદી મુકવાનું તથા લગ્ન પ્રસંગે તથા તેમના પ્રસંગોએ કન્યાઓને તૈયાર કરવાનું અને મેક અપ કરવાનું કામ કરે છે અને ઓર્ડર લ ે છે અને તેણીના આ બધા હુન્નર ઉદ્યોગમાંથી રૂા. ૧૦,૦૦૦/– થી ૧૫,૦૦૦/–

કમાય છે. તેમજ તેના પિતાના ત્યાં સવાર સાંજ બે સમય ખેતરનું કામ કરે છે. ગાયો ભેસો સંભાળે અને માવજત કરે છે અને દૂધ ભરાવે છે અને તેમાંથી તે અલગ આવક મેળવે છે. અરજદારે તેમની દિકરીને અરજીના મથાળે જોડેલ નથી. જયારે અરજદાર તેમની દિકરીઓને અરજદાર તરીકે જોડેલ ના હોય તેથી તેમની દિકરીઓના ભરણપોષણની માંગણી કરી શકે નહી. અરજદારે જે ભરણપોષણની માંગણી કરેલ છે તે ખોટી માંગણી કરેલ છે. અરજદાર તેમની દિકરીઓને ભણાવવા તથા તેમનો ઉછેર માટે તૈયાર છે. સામાવાળા કોઈ જમીન ધરાવતા નથી. તેથી તેઓ પશુપાલનમાંથી આવક મેળવવતા હતા તેવો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. અરજદાર પાલનપુર મુકામે ભાડાના મકાનમાં છે. તેથી અરજદાર ભાડુ ચુકવવા માટે સક્ષમ છે. તેમની પાસ આવકનું સાધાન છે. અરજદારના ગેરવાજબી વર્તનથી બાળકના માનસ ઉપર ખરાબ અસર પડેલ છે. સામાવાળાને અરજદાર સાથે જીવન જીવવું દર્લભ બની ગયું છે. અરજદારની અરજી ખર્ચ સાથે રદ કરવા જણાવેલ છે.

(૫) અરજદાર તરફે, અરજીના સમથર્નમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે :–

**<u>મૌખિક પુરાવો</u>** :–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર ભાવનાબેનનું સરતપાસનું સોગંદનામું. | ૧૫ |
| ૨ | સાહેદ પ્રજાપતિ પ્રકાશજી હકમાજી | ૨૫ |

**<u>દસ્તાવજી પુરાવો</u>** :–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ક્રિમ.પર. અરજ નં. ૧૭૭/૨૦૧૭ નીઅરજદારની જુબાનીની નકલ | ૩૯ |
| ૨ | ક્રિ.પર. અરજ નં.૧૭૭/૨૦૧૭ ના ચુકાદાની નકલ | ૪૦ |
| ૩ | ક્રિમી.પર. અરજ નં. ૦૨/ ૧૯ ની અરજદારની જુબાની | ૪૧ |
| ૪ | ક્રિ.પર. અરજ નં. ૨/૨૦૧૯ ના ચૂકાદાની નકલ. | ૪૨ |
| ૫ | લાખણી કોર્ટમાં બાળકનું ભરણપોષણ ક્રિમી.પર. અરજ નં. ૨૭/૨૦૨૧ ના કામે ભરેલ તેની પાવતી ની ઝેરોક્ષ નકલ. | ૪૩ થી ૪૬ |
| ૬. | દીકરી રીતુ ભરતકુમારનું સુકન્યા સમૃદ્ધિ ખાતાની પાસબુકની ખરી | ૪૭ |

| | | |
|---|---|---|
| | નકલ | |
| ૭. | દીકરી જિનલની એલ.આઈ.સી.ની પાવતી | ૪૮ |
| ૮. | સામાવાળાલા એલ.આઈ.સી.ની પાવતી | ૪૯ |
| ૯. | સામાવાળાનું હોમ લોનનું સ્ટેટમેન્ટની ખરી નકલ | ૫૦ |
| ૧૦. | સામાવાળાની માતાનું મેડિકલ બિલ | ૫૧ |

(૬) અરજદાર તરફે, અરજીના સમથર્નમાં પુરાવો રજુ કરવા માંગતા ન મૌખિક રજુઆત કરેલ છે.

(૭) સામાવાળા તરફે, અરજીના સમથર્નમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે :–

**મૌખિક પુરાવો**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | સામાવાળા ભરતકુમાર ઈશ્વરભાઈ પ્રજાપતિ | ૨૯ |

**દસ્તાવજી પુરાવો** :–

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧.** | ક્રિ.કેસ નં.૧૨૩/૨૦૧૮ના હુકમની નકલ | ૫૨ |
| **૨.** | સંપતિ અને જવાબદારીઓ અંગેનું સોંગદનામું | ૫૩ |

(૮) સામાવાળા તરફે, અરજીના સમથર્નમાં આંક–૩૩ કલોઝીંગ પુરસીસ થી જાહેર કરેલ છે. અરદારના વિ.વ.શ્રી આંક–૩૪ થી લેખિત દલીલ રજૂ કરેલ અને આંક–૩૮ થી સામાવાળાના વિ.વ.શ્રી લેખિત દલીલ રજૂ કરેલ છે.

(૯) સદર અરજીના નિર્ણય અર્થે, નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

***–: મુદ્દાઓ :–***

**૧:** શું અરજદાર સાબીત કરે છે કે, આ કામનાં સામાવાળાઓએ તેણી પ્રત્યે ઘરેલુ હિંસા આચરેલ છે ?

૨: શુ અરજદાર સાબીત કરે છેકે, કલમ–૧૭ મુજબ સામાવાળાની તમામ સ્થાવર જંગમ મીલ્કતમાં તેમનો સંયુકત હકક હીસ્સો હોય તમામ સ્થાવર જંગમ મીલ્કતનો તેમના હીસ્સા મુજબનો ભાગ હકક હીત હીસ્સો સામાવાળા પાસેથી મેળવવા હકકદાર છે ?

૩: શું અરજદાર સાબીત કરે છે કે, કલમ–૧૮ મુજબ સામાવાળા અરજદારને કોઈ મારઝુડ કરે કે ધાક ધમકી આપે અપાવે નહી તેવો હુકમ મેળવવા હકકદાર છે ?

૪: શું અરજદાર સાબીત કરે છે કે, કલમ–૧૯ મુજબ રહેઠાણ મેળવવા અથવા દર મહીને રૂા.૫૦૦૦/– મકાન ભાડુ મેળવવા હકકદાર છે ?

૫: શું અરજદાર સાબીત કરે છે કે, કલમ–૨૦ મુજબ અરજદારને પોતાના ભ.પો. પેટે માસીક રૂા.૧૦,૦૦૦/– તેમજ હરેક પ્રકારની સ્થાવર તેમજ જંગમ મીલ્કતમાંથી ચુકવી આપવા હુકમ કરવા હકકદાર છે ?

૬: શું અરજદાર અરજીનો ખર્ચ રૂા.૫૦૦૦/– સામાવાળા પાસેથી મેળવવા હકકદાર છે?

૭: શું અરજદાર બીજી યોગ્ય અને મુનાસીફ લાગે તેવી દાદ મેળવવા હકકદાર છે?

૮: શુ હુકમ :

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

*–: __નિર્ણયો__ :–*

૧: નકારાત્મક .

૨: નકારાત્મક

૩: નકારાત્મક,

૪: નકારાત્મક,

૫: નકારાત્મક

૬: નકારાત્મક,

૭: નકારાત્મક,

૮: આખરી હુકમ મુજબ.

**(૧૧)** ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે :–

– **કા ર ણો** –

**મુદ્દા નં.૧ :–**

(૧૨.) આ કામના અરજદાર ભાવનાબેન ગણેશભાઈ પ્રજાપતિ આંક–૧૫ થીપુરાવાનું સોગંદનામું રજૂ રાખેલ છે. અરજદારે તેની અરજીમાં જણાવેલી ઉપરોકત તમામ હકીકતો તેના પુરાવાના સોગંદનામામાં જણાવેલી છે અને તેથી આ હકીકતોનું પુનરાવર્તન કરવું જરૂરી જણાતું નથી.આમ,અરજદારે અરજીમાં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ છે.

સદર અરજદારની સામાવાળા તરફે તેમના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉ.ત.માં અરજદાર કબુલ કરે છે કે, હાલમાં તેઓ પેપળુ લાખણી મુકામે રહે છે. હાલની અરજી કરી ત્યારે તે પાલનપુર મુકામે રહેતી હતી. તેઓ ભરણપોષણનોકેસ ફેમીલ કોર્ટમાં સી.આર. એમ. એ. નં.૧૭૭/ ૨૦૧૭ થીદાખલ કરેલ છે. ઉપર જણાવેલ કેસ નંબર વાળો કેસ નામદાર ફેમીલી કોર્ટમાં કાઢી નાખેલ છે. તે હકીકત કબુલ રાખેલ છે કે, તેમના પતિ અલગ મકાન રાખે તો તેઓ તેમની સાથે રહેવા માટે પતિ સંગાથે તૈયાર છે. તેઓએ તેમના સોગંદનામામાં આંક–૧ ની અરજીમાં એવી હકીકત દર્શાવેલ નથી કે, તેમના પતિ ખીમાણા ગામની મનીષાબેન હાલ જોડે પતિ –પત્ની તરીકે રહે છે. તેમની દિકરી સુરજ ગામે તા. બેચરાજી પ્રાથમિક શાળામાં ભણે છે. તેમની દિકરી બે વર્ષ સુરજ મુકામે ભણેલી હતી. ત્યારબાદ બેચર, તા. બેચરાજી, ગામે ભણવા બેસાડેલી. ત્યારબાદ તેમની દિકરીને પાટણ મુકામે ભણવા માટે બેસાડેલી. તે હકીકત કબુલ રાખેલ છે કે, હાલનો કેસ કરેલ ત્યાં સુધી તેમની દિકરીને પાટણ મુકામે ભણવા માટે બેસાડેલી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, વેકેશન હતું એટલે તેમની દિકરી તેમની પાસે હતી. હાલનો કેસ કરેલ તેના પહેલાં તેઓ પાટણ મુકામે રહેતી હતી. તે સોસાયટીનું નામ વિઠૃલ વિરદાસ નામની હતી તે વખતે તેઓ તેમના પતિ અને સાસુ સાથે રહેતી હતી. તેણીના લગ્નને આશરે ૧૯ વર્ષ થયેલા હતા. હાલની અરજી તેમજ ૪૯૮ ની ફરીયાદ પહેલા સામાવાળા એટલે કે તેમના પતિ સામે અગાઉ કોઈપણ ફોજદારી કે દીવાની ફરીયાદ કરેલી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓએ ફરીયાદ આપેલી ના હતી અને તેઓ ત્રાસ આપતાં હતા. ભરણપોષણની અરજી કર્યા પહેલાં તેમને તથા તેમના પતિ

વચ્ચે મનદુ:ખ થતાં તેઓ તેમના પિયર જતી રહેલ. બંન્ને પક્ષકારોના કુટુબીજનો એ ભેગા થઈ સમાધાન કરાવેલ હતુ. તેમના તથા સામાવાળા વચ્ચે લગ્ન બાળપણમાં થયેલા. લગ્ન બાદ તેઓ પાટણથી વજેગઢ તેમની સાસરીમાં ગયેલ અને ત્યાંથી પેપળુ મુકામે રહેવા ગયેલ અને પેપળુ મુકામે તેઓ તેમની દિકરી સાથે તથા માતા પિતા સાથે હેતી હતી. તેઓ તેમના માતા પિતાના ઘરે રહેવા માટે ગયેલા ત્યારબાદ હાલની બધી ફરીયાદો કરેલી. ફરીયાદ પાલનપુર કરેલી ત્યાંથી લાખણી મોકલી આપેલી. અને તે કેસમા ચાર્જશીટ થઈ ગયેલ અને કેસ ચાલુ છે. કેસમાં તેમની જુબાની પણ થઈ ગયેલો છે. તેઓએ જે મહીલા પોલીસ સ્ટેશનમાં જે ફોજદારી ફરીયાદ કરેલી તે ફરીયાદમાં તેઓએ તેમનું સરનામું પેપળુ, તા.ડીસા લખાવેલ હતું. વધુમાં અરજદાર જણાવે છે કે સામાવાળાના માતા, ભાઈ, બેન અને સામાવાળા સામે લાખણી મુકામે ફરિયાદ આપેલી છે. સામવાળા સામે શક અને વહેમ રાખ્યા બાદ ઝઘડા ચાલુ થયેલા. અરજદાર જણાવે છે કે તેઓ બિલાલભાઈ ઈબ્રાહીમભાઈને ઓળખે છે અને સામવાળા નં.૧ના મિત્ર છે. અરજદાર કબૂલ રાખે છે કે મારા પતિ આખો દિવસ નોકરી ઉપર રહેતા હોય છે. મારી દીકરીજે પાટણની સ્કૂલમાં ભણતી હતી તે સારામાં સારી સ્કૂલ હતી. મારી દીકરીણએ પાટણ સ્કૂલમાંથી એલ.સી.લઈને પેપળૂ ગામ ગામની નિશાળમાં ફરી ભણવા બેસાડેલી. હું તથા મારી દીકરી અમે બંને જણા મારા પતિના ત્યાં જવા માટે તેયાર છીએ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું મારી દીકરીને એકલા માતા પતિ સાથે મોકલું નહિ. મારી દીકરી પેપળૂ સ્કૂલમાં ભણે છે અને પેપલુ મુકામે જ રહ છે. મારી બંને દીકરીઓને પાલનપુરહઇ અપડાઉન કરીને પેપલું મુકામે સ્કૂલમાં ગયેલ નથી. કમલેશભાઈને હું મારા ભાઈના લીધે ઓળખું છુ. કમલેશભાઈ મારા કોઈ પણ કુટુંબી સગા થતા નથી. હું કમલેશભાઈના મકાનમાં ભાડેથી મારા ભાઈની સાથે રહેતી હતી. હું કમલેશભાઈના મકાનમાં ભાડેથી રહેતી હોઇ તે અંગેનો આધાર પુરાવો આ કામે રજૂ રાખેલ નથી. હાલની અરજીમાં મારા સિવાય બીજા કોઈના નામ અરજદાર તરીકે રાખેલ નથી, એ વાતની મને ખબર નથી કે મારા પતિની જે એલ.આઈ.સી.ની પોલિસીમાં નાઓની તરીકે મારુ નામ ચડેલ છે. મારા પતિ જ્યારથી શિક્ષક નોકરીમાં ચડયા છે ત્યારથી ખેતીવાડીનું કામ કરેલ નથી. મારા પતિ નોકરી કરતાં હોઇ જેથી પાટણથી કંબોઈ અપડાઉન કરતાં હતા. મે મારી

ઘરેલુ હિંસાની ફરિયાદમાં ભરણપોષણની અરજી સામાવાળા વિરુદ્ધ કરેલ છે તેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી.

(૧૨) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ પ્રકાશભાઈ હકમાજી પ્રજાપતિનું સરતપાસનું સોગંદ નામું આક– ૨૫ થી રજુ છે. આ સાહેદ ફરીયાદીએ રજુ કરેલ ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. અને પોતાની જુબાનીમાં જણાવે છે કે અરજદાર મારા ફોઈની દીકરી બહેન છે. આ કામે સામવાળાએ મારી બહેનને તેમના લગ્ન જીવનની શરૂઆતથી શારીરિક–માનસિક ત્રાસ આપતા હતા અને રૂપિયા ૨,૦૦,૦૦૦/– લાખની માંગણી કરતાં હતા અને છોકરીણો જન્મ આપ્યો ત્યારે ખોટી અને ભૂંડી ગાળો બોલેલી. આ કામે સામાંવાળા નં.૧નાએ અરજદાર અને તેમની દીકરીઓ સાથે મારઝૂડ કરીકાઢી મૂકેલા. અને અરજદારણએ વધારે માર મારવાથી અરજદારના ભાઈઓએ અરજદારની સારવાર માટે ૫૦૦૦૦/– જેટલો ખર્ચ કરેલ. આ તમામ ખર્ચાઓ હાલમાં અરજદારના ફોઈના દીકરાઓ ભોગવે છે. આ કામના સામાવાળા નં.૧નાએ હાલમાં મોજે ખીમાણાના વતની મનીષાબેન તે જયંતીભાઈ પ્રજાપતિની દીકરી સાથે પતિ પત્ની તરીકે રહે છે તે હકીકત અમો અને અમારી સમાજના તમામ લોકો જાણે છે. અને જ્યારે સમાજવાળાએ સામાંવાળાને સમજાવવા માટે ગયેલા ત્યારે સામાવાળા નં.૧નાએ જણાવેલ કે તેણે મનીષાબેન સાથે લગ્ન કરી લીધા છે અને અરજદારણએ છૂટાછેડા આપવા માંગે છે જેથી તેડી જવા માંગતા નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ જોતાં તેમાં તે હકીકત કબુલ રાખેલ છે કે, તેમની જન્મ તા. ૧૦/૪/૧૯૯૦ ની છે. તે હકીકત કબુલ રાખેલ છે કે, આ કામના અરજદાર ભાવનાબેન તેમની ફઈની દિકરી થાય છે. તે બતાવવા માટે નામદાર કોર્ટમાં કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી. તેઓ વજેગઢ અરજદારે નામદાર કોર્ટમાં કેસ કર્યો તેના ચાર – પાંચ વર્ષ પહેલાં ગયેલો. તેઓ સામાવાળાના ઘરે ખેતરમાં રહેતા હતા. તેઓ મકાનના વાસ્તુમાં ગયેલા અને એક મરણ પ્રસંગે ગયેલા.સામાવાળા સિવાય બીજા તેમના કોઈ સગા વજેગઢ મુકામે રહેતા નથી. તેઓ તેમના ફઈના દિકરા વિષ્ણુભાઈના લગ્નમાં વજેગઢ ગયેલા. તથા તેમની સાથે એક બે વખત વજેગઢ બાઈક ઉપર ગયેલો. તેઓ જગાણાથી કયારેય પણ વજેગઢ ગયેલ નથી. પેપળુ થી

નેળીયે થઈને વજેગઢ ગયેલ છે. તેઓએ આખુ વજેગઢ ગામે દેખેલ નથી. સામાવાળાના ઘરનો દરવાજો આથમણી સાઈડે આવેલ છે તેમના ઘરમાં પ્રવેશ કરતાં ઓશરી આવે છે ત્યારબાદ ઘર આવે છે. આજુબાજુ ખેતર આવેલ છે. તેઓ ફીનાઈલ અને લીકવીડનું માર્કેટીગ કરે છે. અરજદારે સામાવાળા ઉપર ભરણપોષણ, ઘરેલું હિંસા અને ૪૯૮ નો કેસ કરેલ છે તે બાબતે તેમને ખબર નથી કે તેઓ જાણતાં નથી. તેઓ છેલ્લા પાંચ છ વર્ષથી જગાણા મુકામે રહે છે. તેઓએ તેમની સરતપાસના પેરા નં. ૨ માં જે હકીકત જણાવેલ છે તે હકીકત તેને કોને જણાવેલી તે તેમના સોગંદનામામાં જણાવેલ નથી. તેઓ તેમની સરતપાસમાં ભાનવાબેન ને માર મારેલ અને તેના રૂા. ૫૦,૦૦૦/– નો ખર્ચ થયેલ તેનો કોઈ આધાર તેમની પાસે નથી. ભાવનાબેનને કઈ ઈજાઓ થયેલ, અને કયા ડોકટરે સારવાર કરાવેલ તે પણ તેમને ખબર નથી. સામાવાળા ૧૪ વિઘા ખેતીની જમીન ધરાવે છે અને ભેસો અને ગાયો રાખે છે અને ગાયો ભેસોનું દૂધ ભરાવી માસિક રૂા. ૪૦,૦૦૦/– તથા ખેતીમાંથી રૂા. ૫૦,૦૦૦/– કમાય છે તેનો કોઈ આધાર પુરાવો નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી. પેરા નં.૫માં જણાવેલ હકીકત બાબતે આધાર પુરાવો રજૂ કરેલ નથી. તે હકીકત કબુલ રાખેલ છે કે, સામાવાળા નોકરી કરે છે અને તેમની નોકરીનો સમય સવારના સાડા દસથી સાંજના છ વાગ્યા સુધીનો હોય છે. સામાવાળાને બે ભાઈઓ અને બે બહેનો છે. સામાવાળાની માતા હયાત છે તેઓની ઉંમર ૭૫ વર્ષની છે. સરતપાસ સોગંદનામાંમાં જણાવેલ હકીકતોનો કોઈ પણ આધાર પુરાવો નામદાર કોર્ટમાં રજૂ કરેલ નથી. અને સદર હકીકતો કયાથી જાણેલ છે તે પણ મે મારા સરતપાસના સોગંદનામાંમાં જણાવેલ નથી.

(૧૩) હવે, સૌ પ્રથમ, ઘરલું હિંસા સંબંધે અરજદાર પક્ષે રજુ થયેલ પુરાવો જોતાં ઉપર દર્શાવ્યા મુજબ અરજદારે પોતાને થયેલ દુ:ખ ત્રાસ અંગે અરજદારે આંક–૧ ની અરજી તથા ઉપર જણાવ્યા પ્રમાણે આંક–૧૫ થી સોગંદ ઉપરની જુબાનીમાં તમામ હકીકતો દર્શાવેલ છે આ કામે સામાવાળા દવારા આ કામના અરજદારએ આપેલ સોગંદ ઉપરના પુરાવાને પડકારવામાં આંક– ૨૯ થી સામાવાળા ભરતભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ સોગંદ ઉપર જુબાનીમાં જણાવેલ છે કે, સામાવાળા એ અરજદારની અરજીની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે. અરજદાર તરફે આ કામના સામાવાળાની ઉલટ તપાસ કરવામાં આવેલ તેમાં તે હકીકત જણાવેલ છે કે, તેઓની ઉંમર પાંત્રીસ વર્ષની છે. તેમના લગ્ન પેપળુ

મુકામે ભાવનાબેન સાથે થયેલા છે. લગ્ન બાદ અરજદારને વજેગઢ મુકામે લઈ ગયેલા. થોડા સમયે વજેગઢ મુકામે સંયુકત કુટુંબ સાથે રહયા. તેમની નોકરીના સ્થળે તેમના બાળકો અને તેમની પત્ની સાથે રહેતા હતા. અરજદાર સાથેના લગ્ન જીવનથી તેમને બે દિકરીઓનો જન્મ થયેલો.રીતુ અને જીનલ બંને અરજદાર પાસે રહે છે. જીનલ કોલેજમાં અભ્યાસ કરે છે અને રીતુબેન ધોરણ નવમાં અભ્યાસ કરે છે. તેઓ નામદાર કોર્ટના ક્રિ. પર. અરજ નં. ૨/૨૦૧૯ ના હુકમ મુજબ બંન્ન દિકરીનું માસીક ભરણપોષણ પાંચ હજાર લેખે કુલ રૂા. ૧૦,૦૦૦/– ચુકવે છે. આ સિવાય બીજી કોઈ રકમ આપેલ નથી. અરજદાર તેની બંને દિકરીઓને પીયરમાં લઈ ગયેલ ત્યારથી આજદિન સુધી તેઓએ કોઈ ખબર અંતર પુછેલ નથી કે તેડવાનો પ્રયત્ન કરેલ નથી. અરજદાર ૨૦૧૭ થી તેના પિયરમાં રહે છે. લગ્ન ૨૦૦૩ માં થયેલા. તેહકીકત કબુલ રાખેલ છે કે, ૨૦૦૩ થી ૨૦૧૭ ના સમય ગાળા દરમિયાન અરજદારે કોઈ કેસ કે ફરીયાદ કરેલા નથી. વસરામભાઈ તેમના ભાઈ થાય છે. જોશનાબેન તેમના ભાભી થાય છે. સંતોકબા તેમની માતા થાય છે. હું આ કામે મારા શિક્ષક તરીકે પગારની સ્લીપો રજૂ કરવા માગતો નથી. તેઓએ જે પગારની સ્લીપો રજુ કરેલ તે તેમના જુના પગારની સ્લીપો રજુ કરેલ છે. હું અરજદારને તેડી જવા તેયાર છુ. તેમને પાટણ મુકામે જુનો આકારણી નં. ૫૦૨ વાળુ બે પાકુ મકાન આવેલું છે. હાલમા તે મકાન તેમના નામે ચાલે છે. અરજદાર અને તેમની બે દિકરીઓ પાટણ મુકામે આવેલા અને તેમના મકાનમાં સાથે રહેતાં હતા. આ કામે મકાનના લોનની પાવતી રજુ કરેલ છે તે તા. ૨૧/૬/૨૦૨૧ સુધીની છે. પછીની કોઈ પાવતી રજુ કરેલ નથી. તે હકીકત કબુલ રાખેલ છે કે આંક–૨૬ થી રજુ કરેલ પાટણ મુકામે આવેલ મકાનની આકારણી નં.૪૦૬ અને નવી આકારણી નં. ૫૦૨ છે. મકાનના કબજેદાર અને માલીક પોતે છે. જિનલના નામે જે મે એલ.આઈ.સી.પ્રીમિયમ ભરેલ છે તે મે તા.૨૧.૦૬.૨૦૨૧સુધીની રજૂ કરેલ છે. સુકન્યા યોજના હફતાની આંક–૧૧થી રજૂ કરેલ પાવતીઓ તા.૨૧.૦૬.૨૦૨૧ સુધીની છે.

(૧૪) આ અરજીના નિર્ણય સમયે ઘરેલુ હિંસાના કાયદાની કલમ ૨(એ),૨(એફ) અને ૨(એસ) ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાય છે અને તે નીચે મુજબ છે.

**2. Definitions.**-In this Act, unless the context otherwise requires,-

**(a) "aggrieved person"** means any woman who is, or has been, in a domestic relationship with the respondent and who alleges to have been subjected to any act of domestic violence by the respondent.

**(f) "domestic relationship"** means a relationship between two persons who live or have,at any point of time, lived together in a shared household, when they are related by consanguinity, marriage, or through a relationship in the nature of marriage, adoption or are family members living together as a joint family.

**(s) "shared household"** means a household where the person aggrieved lives or at any stage has lived in a domestic relationship either singly or along with the respondent and includes such a household whether owned or tenanted either jointly by the aggrieved person and the respondent, or owned or tenanted by either of them in respect of which either the aggrieved person or the respondent or both jointly or singly have any right, title,interest or equity and includes such a household which may belong to the joint family of which the respondent is a member, irrespective of whether the respondent or the aggrieved person has any right, title or interest in the shared household.

(૧૫) આ ત્રણેય કલમો જોવામાં આવે તો,વ્યથિત પક્ષકાર ઘરેલુ હિંસાના કાયદાની જોગવાઈ મુજબ કલમ–૧૨ હેઠળ અરજી કરતા હોય ત્યારે વ્યથિત પક્ષકારનો સામાવાળા સાથે ઘરેલુ સબંધ (Domestic relationship) હોવો જોઈએ અને ઘરેલુ સંબધ તેને કહી શકાય કે અરજદાર સામાવાળા સાથે જન્મના સબંધ (Consanguinity) કે લગ્ન જેવા સબંધના મારફતે (Through a relationship in the nature of marriage) કે દત્તકના કારણે (Adoption) કે સંયુકત કુટુંબમાં કુટુબંના સભ્ય તરીકે સાથે રહેતા હોય તેવા સબંધ રહેલા હોય અને તેઓ આવા સબંધના કારણે એક જ ઘરમાં (Shared household) સાથે રહેતા હોય કે રહેલા હોય. આ કામે અરજદાર

પોતાની સરતપાસમાં જણાવે છે કે અરજદાર લગ્ન બાદ તેમના સાસરે ગયેલા. અરજદારને શરુઆતમાં સારી રીતે રાખતા હતા. અરજદારને બીજી દિકરીનો જન્મ આપ્યા બાદ સામાવાળા અરજદારને હેરાન પરેશાન કરતા હતા પરંતુ આંક– ૨૫થી સાહેદ પ્રજાપતિ પ્રકાશભાઈ હકમાજી પોતાની જુબાનીમાં જણાવે છે કે સામાવાળા નં.૧ લગ્ન જીવનની શરૂઆતથી શારીરિક–માનસિક ત્રાસ આપતા હતા. આથી સ્પષ્ટ થાય છે અરજદાર અને સાહેદ પોતાની જુબાનીમાં જુદી જુદી હકીકત જણાવે છે. વધુમાં અરજદાર જણાવે છે કે દિવાળી આવતાં સામાવાળા નં. ૧ અરજદારને તેમના પિયર પેપળુ મુકામે મુકી આવેલા. ત્યારબાદ અરજદારને બે ત્રણ દિવસ બાદ ફોન કરતાં અરજદાર નં. ૧ નાઓ એ બરાબર જવાબ આપેલ નહી. અને ફોન ઉપર કહેલું કે તું મને ગમતી નથી મારે બીજી પત્ની લાવવી છે. ત્યારબાદ સામાવાળા તેમના કાકાના દિકરા વનાભાઈને કહેલ કે, મને અને ભાવનાને ગમે તે રીને છુટા કરો. ત્યારબાદ અરજદારની કે અરજદારની બે દિકરીઓની સામાવાળા નં. ૧ નાએ કોઈ સાર સંભાળ લીધેલ નથી. પરંતુ અરજદાર પોતાની જુબાનીમાં જણાવે છે કે તેણીના લગ્નને આશરે ૧૯ વર્ષ થયેલા હતા. હાલની અરજી તેમજ ૪૯૮ ની ફરીયાદ પહેલા સામાવાળા એટલે કે તેમના પતિ સામે અગાઉ કોઈપણ ફોજદારી કે દીવાની ફરીયાદ કરેલી નથી. ભરણપોષણની અરજી કર્યા પહેલાં તેમને તથા તેમના પતિ વચ્ચે મનદુ:ખ થતાં તેઓ તેમના પિયર જતી રહેલ. આ કામે અરજદાર પોતાની જુબાનીમાં જણાવે છે સામાવાળા નં.૧ અરજદારને પિયર મુકામે મૂકી આવેલા. અને ઊલટમાં જણાવે છે કે મન દુખના કારણે પિયર જતી રહેલ. જેથી સ્પષ્ટ થાય છે કે અરજદારને સામાવાળા ઘરમાંથી પિયરથી છોડી મૂકી આવેલ નથી. અરજદાર પોતે ઘર છોડીને ગયેલ. આથી સ્પષ્ટ થાય છે ક અરજદાર પોતાની સરતપાસ અને જુબાનીમાં જુદી જુદી હકીકતો જણાવે છે. વધુમાં અરજદાર જણાવે છે કે બીજી દીકરી થવાના કારણે અરજદારને છોડી દીધેલ પરંતુ અરજદાર પોતાની ઊલટમાં જણાવે છે કે સામવાળા સામે શક અને વહેમ રાખ્યા બાદ ઝઘડા ચાલુ થયેલા. વધુમાં અરજદાર પોતાની ઊલટમાં જણાવે છે કે તેમના પતિ ખીમાણા ગામની મનીષાબેન હાલ જોડે પતિ –પત્ની તરીકે રહે છે. પરંતુ સદર હકીકત સરતપાસ અને પોતાની અરજીમાં જણાવેલ નથી. આ કામે અરજદાર પુરવાર કરી શકેલ નથી કે

સામાવાળા નં.૧ બીજી મહિલા સાથે સંબંધ ધરાવે છે. અરજદાર પોતાની અરજીમાં જે હકીકતો જણાવે છે કે તે પુરવાર કરવા માટે અરજદાર કોઈ લેખિત કે મોખીક પુરાવો રજૂ કરલે નથી. વધુમાં અરજદારની રજૂઆત ધ્યાને લેવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે સામાવાળા નં. ૨,૩ અને ૪ અરજદાર સાથે કોઈ હિંસા કરેલ નથી કે અરજદાર સાથે સામાવાળા નં.૨,૩ અને ૪ રહેતા નથી. આ કામે નામદાર ઉપરલી અદાલતના ચુકાદો ધ્યાને લેવામાં આવે તો

**KAMLESH DEVIv. JAIPAL & ORS., SPECIAL LEAVE PETITION (CRIMINAL) Diary No(s).34053/2019,** The hon'ble Supreme Court has upheld a dismissal of domestic violence complaint filed by a woman against persons not living with her in a shared household.

(૧૬) આ કામે અરજદાર જણાવે છે કે સામાવાળા નં.૧એ રૂપિયા ૨,૦૦,૦૦૦/- લાખની માંગણી કરેલ. અને આંક-૨૫ થી સાહેદ પ્રકાશભાઈ હકમાજી પ્રજાપતિ પોતાની જુબાનીમાં જણાવે છે કે સામાવાળા નં.૧ ના માર માર્યાથી અરજદારને વાગેલ અને દવાખાના ખર્ચ રૂપિયા ૫૦,૦૦૦/-પચાસ હજાર જેટલો ખર્ચ થયેલ અને સદર ખર્ચ અરજદારના ભાઈઓએ ભોગવેલ હતો. આ કામે સદરહુ હકીકત અરજદાર પોતાની અરજીમાં જણાવેલ નથી. અને વધુમાં અરજદાર અને સાહેદોએ કોઈ સારવાર સર્ટિ રજૂ કરેલ નથી. આ કામે અરજદાર પુરવાર કરી શકેલ નથી કે સામાવાળા નં.૧ અરજદારને કોઈ માર મારેલ કે અરજદારને ઘરેથી કાઢી મુકેલ. વધુમાં ઘરેલુ હિંસા અધિનિયમની કલમ-૩ જોવામાં આવે તો-

**Sec.3 Defination of domestic Violence :**

For the purposes of this Act, any act, omission or commission or conduct of the respondent shall constitute domestic violence in case if -

(a) harms or injures or endangers the health, safety, life, limb or well-being, whether mental or physical of the aggrieved person or tends to do so and includes causing physical

abuse, sexual abuse, verbal and emotional abuse and economic abuse; or

(b) harasses, harms, injures or endangers the aggrieved person with a view to coerce her or any other person related to her to meet any unlawful demand for any dowry or other property or valuable security; or

(c) has the effect of threatening the aggrieved person or any person related to her by any conduct mentioned in clause (a) or clause (b); or

(d) otherwise injures or causes harm, whether physical or mental to the aggrieved person.

(૧૭) આ કામે અરજદારની જુબાની અને ઊલટતપાસથી સ્પષ્ટ થાય છે કે અરજદાર પોતે છોડીને ગયેલ અને સામાવાળા નં.૧ ઉપર શંકા કરીને પોતે ઘર છોડીને જતાં રહેલ. વધુમાં અરજદાર જણાવે છે કે સામાવાળા નં.૧ અરજદારની દીકરી થવા ના કારણે અને સામાવાળા નં.૧ણએ દીકરી ગમતી ન હોય અને અરજદારણએ કહેતા હતા કે તેમને દીકરો જોઈતો હોય નાંની મોટી બાબતોમાં અરજદાર સાથે ઝઘડો કરી મારઝૂડ કરતાં હતા. પરંતુ અરજદાર પોતાની ઊલટમાં જણાવે છે કે મારી દીકરી જે પાટણની સ્કૂલમાં ભણતી હતી તે સારામાં સારી સ્કૂલ હતી. વધુમાં અરજદારએ પોતાની અરજીના સમર્થનમાં બંને દીકરીઓને તપાસેલ નથી. આ કામે અરજદાર પોતે કબૂલ રાખે છે કે હાલની અરજી માં મારા સિવાય બીજા કોઈના નામ અરજદાર તરીકે જોડેલ નથી. આ કામે સામવાળા નં.૧ને દીકરી પસંદ ના હોય તો પોતાની દીકરીને સારામાં સારી સ્કૂલમાં ભણાવે ખરું વધુમાં સામાવાળાણએ દીકરી પસંદ ન હોય તો પોતાની દીકરીની એલ.આઈ.સીની પોલિસી અને પોતાની દીકરીની નામે સુકન્યા સમૃદ્ધિ યોજનામાં માસિક જમા કરાવે ખરું. વધુમાં સામાવાળા નં.૧ પોતાની જુબાનીમાં જબૂલ રાખે છે કે પોતાની દીકરીને લઈ જવા માટે તેયાર છે. અને અરજદાર પણ કબૂલ રાખે છે કે સામાવાળા સાથે જવા માટે તેયાર છીએ પરંતુ પોતાની દીકરીને એકલી મુકલવા માટે તેયાર નથી. આથી સ્પષ્ટ થાય છે કે સામાવાળા નં.૧ અને અરજદાર વચ્ચે ફક્ત અને ફક્ત મનદુખ ચાલે છે. આથી સ્પષ્ટ થાય છે કે અરજદાર પુરવાર કરી શકેલ નથી કે

સામાવાળાઓએ અરજદાર પ્રત્યે ઘરેલુ હિંસા આચરેલ છે. જેથી મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આવે છે.

**મુદ્દા નં.૨ થી ૬:-**

(૧૮) આ કામે મુદ્દા નં.૨ જોવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે અરજદાર પુરવાર કરી શકેલ નથી કે સામાવાળાઓએ અજદાર સાથે કોઈ હિંસા કરેલ છે. અરજદારની જુબાનીથી પુરવાર થાય છે કે સામાવાળા નં.૨,૩ અને ૪ નાઓએ અરજદાર સાથે રહેતા નથી અને અરજદાર પોતે કબૂલ રાખે છે કે સામાવાળા નં.૧ સાથે મન દુખ રાખી પોતાના ઘરે નીકળી ગયેલ. આ કામે નામદાર ઉપરલી અદાલતના ચુકાદાઓ ધ્યાને લેવામાં આવે તો-

**Mr.Prakash Kumar Singhee v. Ms.Amrapali Singhee, WRIT PETITION NO. 3553 OF 2018 (Bombay High Court)** the hon'ble court held that It is not every person who can invoke the jurisdiction of the Court under the 2005 Act, simply for claiming maintenance, as the purpose of the enactment is to protect rights of women who are victims of violence of any kind occurring within the family, *the court said.*

**SANGITA SAHA v. ABHIJIT SAHA & ORS., Special Leave to Appeal (Crl.) No(s).2600-2601/2016,** The hon'ble Supreme Court upheld a Calcutta High Court judgment which held that entitlement of a wife to claim residence in the shared household is only when she could establish domestic violence.

આથી સ્પષ્ટ થાય છે કે અરજદાર પુરવાર કરી શકેલ નથી કે સામાવાળાનાઓએ અરજદારને માર મારેલ કે ધમકીઓ આપેલ હોય કે ઘરથી કાઢી મુકેલ કે પોતાની દીકરી થવાના કારણે અરજદારને ત્રાસ આપેલ. આ કામે અરજદાર ફક્ત અને ફક્ત મન દુખ રાખી ને ઘરથી નીકળી ગયેલ અને પોતાના પતિ ઉપર શંકાના કારણે ઘરથી નીકળી ગયેલ. આ કામે સામાવાળા ત્રાસ આપતા હોય તો અરજદાર સામાવાળા સાથે જવા માટે તૈયાર ના હોય. પરંતુ અરજદાર પોતાની જુબાનીમાં જણાવે છે કે સામાવાળા સાથે જવા

માટે તૈયાર છુ. જેથી કલમ–૧૭ મુજબ સામાવાળાની તમામ સ્થાવર જંગમ મીલ્કતમાં તેમનો સંયુકત હકક હીસ્સો હોય તમામ સ્થાવર જંગમ મીલ્કતનો તેમના હીસ્સા મુજબનો ભાગ હકક હીત હીસ્સો સામાવાળા પાસેથી મેળવવા હકકદાર નથી. અને કલમ–૧૯ મુજબ રહેઠાણ મેળવવા અથવા દર મહીને રૂા.૫૦૦૦/– મકાન ભાડુ મેળવવા હકકદાર નથી. કલમ–૨૦ મુજબ અરજદારને પોતાના ભ.પો. પેટે માસીક રૂા.૧૦,૦૦૦/– તેમજ હરેક પ્રકારની સ્થાવર તેમજ જંગમ મીલ્કતમાંથી ચુકવી આપવા હુકમ કરવા હકકદાર નથી. અને અરજદાર અરજીનો ખર્ચ રૂા.૫૦૦૦/– સામાવાળા પાસેથી મેળવવા હકકદાર નથી. અરજદારે કલમ–૧૮ મુજબ રક્ષણ મેળવવા હુકમ કરવા દાદ માંગેલ છે. હવે, અરજદારે માંગેલ આ દાદના સંદર્ભમાં અરજદાર તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો જોવામાં આવે તો અરજદાર પોતાના પીયર આવ્યા બાદ આ કામના સામાવાળા નં.૧ ના અરજદાર પાસે આવીને અરજદારને કોઈ પણ પ્રકારે હેરાન પરેશાન કરી ધાક–ધમકી આપવામાં આવતી હોય અને તેના કારણે અરજદાર ને માંગ્યા મુજબ રક્ષણ આપવાની જરુર પડે તે હકીકત પુરવાર કરવામાં અરજદાર નીષ્ફળ નીવડેલ છે, તેવું હું માનું છું. લીગલ સર્વિસ ઓથોરીટી એકટની કલમ–૧૨ અન્વયે આ કામનાં અરજદારને મફત કાનુની સહાય અને સલાહ મળવાપાત્ર છે.પક્ષકારો વચ્ચે સમાધાન માટે વારંવાર આ કેસ રાખવામાં આવેલ અને ત્યારે પક્ષકારોનું ઘ્યાન આ અંગે દોરવામાં આવેલ છે પરંતુ અરજદારે પોતાને મફત કાનુની સહાય કે સલાહ મેળવવા તૈયારી દર્શાવેલ નથી. તે સંજોગોમાં અરજદારને અરજીનું કોઈ ખર્ચ મળવા પાત્ર થતું નથી તેમ હું માનું છુ. જેથી મુદ્દા નં.૨ થી ૬ નો જવાબ નકારમાં આવે છે.

**<u>મુદ્દા નં.૭:–</u>**

(૧૮) આ કામે સદર અરજીની સંપૂર્ણ હકીકત જોવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે આ કામે અરજદાર પુરવાર કરી શકેલ નથી કે સામાવાળાઓએ અરજદાર ઉપર હિંસા કરેલ છે. આ કામે અરજદાર પોતે ઘરેથી નીકળી ગયા છે અને સામાવાળા ઉપર શંકા રાખે છે અને અરજદાર પૂરવાર કરી શકેલ નથી કે સામાવાળા નં.૧નાએ બીજી મહિલા સાથે સંબંધ છે. આ કામે અરજદાર પોતાની અરજીમાં જે દાદ માગેલ છે તે દાદ મળવા માટે હકદાર નથી. આ કામે અરજદાર જણાવે છે કે અરજદાર તેઓ જેના મકાનમાં રહે છે તે કમલેશભાઈને

તપાસેલ નથી. અરદાર કોઈ ભાડા ચિટ્ઠી પણ આ કામે રજૂ કરેલ નથી. વધુમાં પક્ષકારોના પલીડીંગસ અને પુરાવાઓ જોતાં, સામાવાળાએ અરજદારણએ શારીરિક અને માનસિક દુખ:ત્રાસ આપી કાઢી મુકેલ હોવાનું પુરવાર થતું હોવાનું જણાય આવતું નથી.અરજદારે એકથી વધુ હકીકતો કોર્ટથી છુપાવી છે અને તેઓ ચોખ્ખા હાથે આવેલ નથી તેવું પડેલા પુરાવાથી પુરવાર થાય છે. જ્યારે અરજદાર શંકાશીલ અને વહેમિલા સ્વભાવણઆ કારણે પક્ષકારો વચ્ચે ઝઘડો થયેલ છે ત્યારે અરજદારે સામાંવાળાએ તેમણે શારીરિક અને માનસિક દુખ ત્રાસ આપી કાઢી મુકેલ હોવાની તેમની રજૂઆત સાચી હોવાનું કહી કે માંની શકાય તેમ નથી.સામાવાળાએ જણાવેલ છે કે, તેમણે બંને દીકરીઓના વીમા લીધેલ છે અને તેના પ્રીમિયમ પોતે ભરે છે. તેમના બંને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે લોન લઈને મકાન લીધેલ છે જેના તેઓ હફતા ભરે છે. સદર હકીકતને અરજદારે પોતાની જુબાનીમાં ખંડન કરેલ નથી. આથી સ્પષ્ટ થાય છે કે સામાવાળા અરજદાર અને પોતાની દીકરીઓને ખૂબ જ ચાહતા હતા, તેઓને પ્રેમથી રાખતા હતા અને તેમને તેમની પત્ની અને બંને દીકરીઓના ભવિષ્યની ચિંતા હતી તેવું પુરવાર થાય છે. તે મુજબ તેમણે પતિ અને પિતા તરીકે પૂરેપૂરી ફરજ બજાવેલ હોવાનું પૂરવાર થાય છે. ત્યારે અરજદારે સામાવાળા વિરુદ્ધ દુખ:ત્રાસ આપ્યા અંગેના ખોટા આક્ષેપો કરેલ હોવાનું કહેવાય. સામાવાળા નં.૧ પોતાની ઊલટ–તપાસમાં અરજદારને લાભ કરતાં કોઈ હકીકત જણાવેલ નથી. તેમની સરતપાસ અને ઊલટતપાસમાં કોઈ વિરોધાભાસી નથી. તેમની જુબાની ઊલટતપાસની કસોટીમાં ખરી ઉતરરેલ છે. અને તેમની જુબાનીથી અરજદારની હકીકતો અને જુબાનીની હકીકતોનું ખંડન કરવામાં સફળ રહેલ હોવાનું પુરવાર થાય છે. અરજદારે પોતાની અરજીમાં પોતાની બંને દીકરીઓ માટે ભરણ પોષણ માંગેલ છે. પરંતુ તેમની બંને દીકરીઓને આ કામે અરજદાર તરીકે જોડેલ નથી. તેથી તેઓ દીકરીઓનું ભરણ–પોષણ મેળવવા હકદાર નથી તેવી સામવાળાની તકરાર છે અને આ તકરારમાં તથ્ય હોવાનું જણાવ છે. સગીર દીકરીઓને પક્ષકાર બનાવવા જરૂરી છે. પરંતુ આ કામે તેઓને પક્ષકાર બનાવેલ નથી. અરજદારે તેમની બંને દીકરીઓને શા માટે પક્ષકાર બનાવેલ નથી. તેનો કોઈ ખુલાસો અરજદારે પોતાની અરજી કે પોતાની જુબાનીમાં કરેલ નથી. વધુમાં અરજદારની બંને દીકરીઓને

ક્રિ.પર.અ.નં.૦૨/૨૦૧૯ ના હુકમ આધારે દર મહિને પાંચ–પાંચ હજાર મળે છે. આથી સ્પષ્ટ થાય છે કે અરજદાર પોતાના પતિ સાથે કારણ વગર રહેવાની ના–પાડે છે. પત્નીએ પુરવાર કરવું જરૂરી છે કે, તેના પતિએ તેણીણએ શારીરિક અને માનસિક દુખ ત્રાસ આપી કાઢી મુકેલ છે. પરંતુ આવું હાથ ઉપરના કેસમાં પુરવાર થતું નથી. અરજદાર પોતાની વધુ દલીલમાં જણાવે છે કે પતિના બીજી મહિલા સાથે સબંધ છે. પરંતુ તેવું પુરવાર કરવામાંમાં અરજદાર નિષ્ફળ ગયેલ છે. વધુમાં સામાવાળાઓ વિરુદ્ધ દહેજ અને શારીરિક અને માનસિક દુખ ત્રાસના જે આક્ષેપો કરેલા તેને સમર્થન મળેલું નહિ. અને પત્નીએ વ્યાજબી કારણવગર પોતાના પતિનનું ઘર છોડ્યું હતું તેવું પુરવાર થતું હોવાનું કોર્ટ માને છે.

(૧૯) આ કામે અરજદારે પોતાની આવક અંગેનો સોગંદનામું કોર્ટમાં રજૂ કરેલ નથી અને કેસમાં પડેલ પુરાવાનું અગાઉ કરેલ મૂલ્યાંકન પ્રમાણે કાયદા અને હકીકતના મુદ્દે અરજદાર પોતાની અરજી પોતાના પુરાવાથી પુરવાર કરવામાં અને તેઓ સામાવાળા પાસેથી ભરણ–પોષણ મેળવવા હકદાર હોવાનું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલ હોવાથી અને કાયદાનું સમર્થન ન હોવાથી ધ્યાને લેવામાં આવેલ છે. આ સંજોગોમાં હું મુદ્દા નં.૭ નો જવાબ નકારમાં ઠરાવું છુ.

**મુદ્દા નં.૮ :–**

(૨૦) આમ, ઉપરોકત મૃદ્દા નં.૧ થી ૭ ની સમગ્ર ચર્ચાના અંતે મુદ્દૃ નં.૮ પરત્વે, નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. આ કામના અરજદારની હાલની અરજી નામંજૂર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ નથી.

૩. આ હુકમની એક નકલ આ કામના અરજદારને વિના મૂલયુ આપવી.

આજે તા. ૦૧/૦૪/૨૦૨૩ ના રોજ આ ઠરાવ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : પાલનપુર (અજય ત્રિલોકચંદ તિવાડી)

તારીખ: ૦૧.૦૪.૨૦૨૩

બીજા જયુડી.મેજી.ફ઼ર્સ્ટ કલાસ, પાલનપુર
કોડ નં.જી.જે. ૦૧૬૧૬